सत्यमेव जयते

**Director**

NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

No.: *GCERT*/C&E/નિપુણ/ 4757-4837

*Gujarat Council of Educational Research & Training, 'Vidyabhavan', Sector-12, Gandhinagar.*
Tel. No. : (079) 23256808-39

તા. **13-02-2024**

13 FEB 2024

પ્રતિ,

**જિલ્લા શિક્ષણાધિકારી-તમામ**

**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી-તમામ**

**શાસનાધિકારી –તમામ**

વિષય: ધોરણ ૧-૨ માં નિદાન કસોટી અને સઘન ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમ યોજવા અંગે...

સંદર્ભ: અત્રેની કચેરીની તા. 06-02-2024ની સિંગલ ફાઈલ પર શિક્ષણ વિભાગની મળેલ મંજૂરી

ઉપરોક્ત વિષય સંદર્ભે આપ સુવિદિત છો એ મુજબ તમામ બાળકો પોતાના ધોરણ – વિષય અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓ પ્રાપ્ત કરે તે માટે રાજ્ય સરકારનો શિક્ષણ વિભાગ સતત પ્રયત્નશીલ છે. આ માટે પ્રત્યેક બાળકને વાચન, લેખન અને ગણનનાં મૂળભૂત કૌશલ્યો આવડતાં હોય તે અનિવાર્ય છે. વર્ષ 2018-19 થી રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા અને ત્યારબાદ ભારત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલ 'નિપુણ ભારત મિશન' અંતર્ગત પણ આ બાબત પર ખૂબ જ ભાર મૂકવામાં આવ્યો છે.

આ સબબ શૈક્ષણિક વર્ષ 2023-24 અંત સુધીમાં ધોરણ 1 અને 2 નું પ્રત્યેક બાળક ધોરણ અનુરૂપ વાચન, લેખન, ગણન કૌશલ્યો હસ્તગત કરે તે માટે સઘન ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે. શિક્ષકો પ્રત્યેક અધ્યયન નિષ્પત્તિ માટે બાળકદીઠ વ્યક્તિગત ઉપચારાત્મક શિક્ષણ કાર્ય કરાવી શકે એ માટે બાળદીઠ જરૂરિયાત જાણવા માટે આગામી **તારીખ 26 ફેબ્રુઆરીથી 2 માર્ચ** દરમિયાન તમામ સરકારી અને અનુદાનિત શાળાઓના ધોરણ 1-2 નાં તમામ બાળકોની **નિદાન કસોટીઓનું** આયોજન કરવામાં આવેલ છે. ભાષા અને ગણિતની નિદાન કસોટીઓ તથા મૂલ્યાંકન અંગેની સૂચનાઓ અત્રેથી તા. 26-2-2024 ના રોજ ઉપલબ્ધ કરાવવામાં આવશે. દરેક વિદ્યાર્થીના અધ્યયન નિષ્પત્તિદીઠ પરફોર્મન્સની ડેટા એન્ટ્રી વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા ઉપલબ્ધ 'ક્ષમતા' એપ્લીકેશનમાં કરવાની રહેશે. આ અંગેની વિગતવાર સૂચનાઓ, માર્ગદર્શન અને અન્ય માહિતી તારીખ 15-02-2024 ના રોજ 11.30 થી 12:30 દરમિયાન યોજાનાર ટેલીકોન્ફરન્સ દ્વારા પણ આપવામાં આવશે. આ ટેલીકોન્ફરન્સમાં તમામ

જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, ડાયેટ પ્રાચાર્ય, ડાયેટ વ્યાખ્યાતા, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, કેળવણી નિરીક્ષક, BRC-CRC કો-ઓર્ડીનેટર, BRP-નિપુણ, શાળાના મુખ્ય શિક્ષકો અને ધોરણ 1-2 ના શિક્ષકો ઉપસ્થિત રહે તે સુનિશ્ચિત કરવા આથી જણાવવામાં આવે છે.

નિદાન કસોટી પૂર્ણ થયેથી, એટલે કે તા. 04-3-2024 થી 30-4-2024 દરમિયાન તમામ શાળાઓમાં સઘન ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમ હાથ ધરવાનો રહેશે.

નિદાન કસોટીઓ તેમજ ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમ દરમિયાન મહત્તમ શાળાઓમાં તાલુકા અને જિલ્લા કક્ષાએથી પ્રત્યક્ષ શાળા મુલાકાત દ્વારા સઘન મોનીટરીંગ અને હેન્ડ હોલ્ડીંગની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. આ ઉપરાંત, રાજ્ય કક્ષાએથી પણ મોનીટરીંગ અને હેન્ડ હોલ્ડીંગ કરવામાં આવનાર છે.

ઉપરોક્ત વિગતો ધ્યાનમાં લઈને આપના જિલ્લાના મોનીટરીંગ સ્ટાફ તેમજ આપના કાર્યક્ષેત્ર હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને આપની કક્ષાએથી માહિતગાર કરવા આથી જણાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| નિયામક | નિયામક | સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર |
| GCERT | પ્રાથમિક શિક્ષણ | સમગ્ર શિક્ષા |

**નકલ સવિનય રવાના:**

માન. શિક્ષણ સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

પ્રાચાર્ય- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-તમામ